સંદેશ

SUNDAY, 20•09•2020 10

(14)

વડોદરા બ્રાન્ચ ઓફ ICSI અને MSUની કોમર્સ ફેકલ્ટીના સંયુક્ત ઉપક્રમે એમ્પાવર ધી એજ્યુકેટ્સ વિષયે ચર્ચાસત્રનું આયોજન

આજનો વિદ્યાર્થી કાલનો શિક્ષક છે, તેને અત્યારથી તૈયાર કરવો જરૂરી

સંદેશ

ડબ્લ્યુ.આઈ.આર.સી. ઓફ આઈ. સી.એસ.આઈ.ના પ્રેસિડન્ટ સી.એસ. આશિષ ગર્ગે જણાવ્યું હતું કે કોરોનાને કારણે જાહેરમાં કાર્યક્રમ કરવા શક્ય નથી, જેના કારણે અમે સતત વિદ્યાર્થીઓની સાથે રહી શકીએ માટે ઓનલાઈન ચર્ચાસત્રનું આયોજન કરી રહ્યા છે.

જે અંતર્ગત અત્યાર સુધી અમે સ્મૃતિ ઈરાની અને રામદેવ બાબા જેવા અનેક લોકો સાથે વિદ્યાર્થીઓની વાતચીત કરાવવામાં સફળ થઈ શક્યા છીએ. આ સાથે વડોદરા બ્રાન્ચ ઓફ ICSI દ્વારા ચર્ચાસત્રમાં તેઓએ જણાવ્યું હતું કે, શિક્ષક દિવસની ઉજવણીના ભાગરૂપે ચર્ચાસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

દરેકના જીવનમાં તેમના શિક્ષકની મહત્વની ભૂમિકા હોય છે અને જે વાતને કોઈ નકારી નથી શકતું. આજનો વિદ્યાર્થી કાલનો શિક્ષક છે માટે તેને અત્યારથી તૈયાર કરવો જરૂરી. જો વિદ્યાર્થી કાળમાં તેને યોગ્ય જ્ઞાન નહી આપવામાં આવે તો તેઓ આવનારી જનરેશનને સારું માર્ગદર્શન નહી આપી શકે.

લિસ્ટિંગ એગ્રીમેન્ટ ક્ષેત્રમાં કંપની સેક્રેટરી બેસ્ટ। કોર્પોરેટ ગવર્નન્સ, કંપની એક્ટ અને એકાઉન્ટને લગતી સેવાઓ CS આપે છે. જેમાં લિસ્ટિંગ એગ્રીમેન્ટ ક્ષેત્રમાં સૌથી સારું કામ CS કરે છે. કોર્પમાં બદલાવ લાવીને તેમને અપડેટ રખાય છે. જેથી તેઓને ટેક્સ સંબંધિત માહિતી મળી રહે અને અભ્યાસ પૂર્ણ થતા જ્યારે તેઓ જોબ પર જાય ત્યારે તેમને સમસ્યાનો સામનો ના કરવો પડે

CS હિમાંશુ પરમાર, ચેરમેન, વડોદરા બ્રાન્ચ ઓફ ICSI

કંપનીના તમામ હોદ્દેદારોને જોડતી કડી એટલે કંપની સેક્રેટરી

CS સંસ્થામાં કોર્પોરેટ ગવર્નન્સના પગલાં લેવામાં મહત્વનો ભાગ ભજવે છે. CS બોર્ડ ઓફ ડિરેક્ટર સાથે સંકળાયેલો હોવાથી તેની જવાબદારી બોર્ડના ડિરેક્ટર, પ્રમોટર્સ, શેરહોલ્ડરો, નિયમનકારો અને કંપનીના અન્ય તમામ હોદ્દેદારો વચ્ચેની કડી બનવાની હોય છે. એક સલાહકાર તરીકે બોર્ડ ઓફ ડિરેક્ટરના નિર્ણયો અને બોર્ડ ઓફ ડિરેક્ટરની આગામી બેઠકમાં કયા એક્શન પ્લાન લેવાના છે તે દરેક વસ્તુઓ સી.એસ. સુનિશ્ચિત કરે છે.

CS સુધાકર સરસ્વતુલા, વી.પી. કોર્પોરેટ સેક્રેટેરીઅલ

Citybhaskar
વડોદરા, શુક્રવાર, 17 જુલાઇ, 2020

26 જુલાઇ થી 20 નવેમ્બર સુધી પરિક્ષા સેન્ટર બદલાશે

કંપની સેક્રેટરીની તમામ પરીક્ષા ડિસેમ્બર 2020માં લેવાશે

CS UPDATE

સિટી રિપોર્ટર . વડોદરા

કોરોના મહામારીને કારણે દેશના અનેક ઈન્સ્ટિટ્યૂટ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ રદ કરવામાં આવી છે અથવા લંબાવવામાં આવી છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડીયા દ્વારા જૂન 2020માં લેવામાં આવતી સીએસની ફાઉન્ડેશન, એક્ઝિક્યુટિવ (નવું અને જુનુ સિલેબસ) પ્રોફેસનલ (નવું અને જૂનું સિલેબસ) તેમજ પોસ્ટ મેમ્બરશીપ ક્વોલિફિકેશન કોર્સની પરીક્ષા ડિસેમ્બરના અટેમ્પટ સાથે મર્જ કરવામાં આવી છે. જે વિશે આઇસીએસઆઈના પ્રેસિડન્ટ આશીશ ગર્ગે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અગાઉ આ પરીક્ષા 18 થી 28 ઓગસ્ટ દરમિયાન યોજનાર હતી જે હવે ડિસેમ્બરના અટેમ્પ્ટ સાથે મર્જ કરવામાં આવી છે. જે વિદ્યાર્થીઓએ જૂન 2020ના અટેમ્પ્ટ માટે એપ્લિકેશન કર્યું છે તેમણે ફરી એપ્લિકેશન કરવાની જરૂર નથી પરંતુ આ વિદ્યાર્થીઓ પરીક્ષા સેન્ટર બદલવા માટે અથવા બીજા કોઈ સુધારા માટે 26 જુલાઇ થી 20 નવેમ્બર સુધી એપ્લિકેશન કરી શકે છે. જે વિદ્યાર્થીઓ નવેસરથી પરીક્ષા માટે એપ્લીકેશન કરવા ઇચ્છે છે તેઓ 26 જુલાઇ થી 26 સપ્ટેમ્બર સુધી લેટ ફી વગર અપ્લાઇ કરી શકે છે. લેટ ફી સાથે 9 ઓક્ટોબર સુધી અપ્લાય કરી શકાશે. સીએસની પરીક્ષા 21 થી 30 ડિસેમ્બર દરમિયાન યોજનાર છે.

વડોદરા બ્રાન્ચ ઓફ ICSI દ્વારા વેબિનાર યોજાયો

MSME ૧૦૦ કરોડનું ફંડ ભેગું કરવા NSEનો સહારો લઈ શકશે

સંદેશ

કોરોનાને કારણે દરેક ક્ષેત્રના લોકોને નુકસાન થયું છે ત્યારે એમ.એસ.એમ.ઈ. સેક્ટર પણ આમાંથી બાકાત રહ્યું નથી. ત્યારે વડોદરા બ્રાન્ચ ઓફ આઈ.સી.એસ.આઈ. અને નેશનલ સ્ટોક એક્ચેન્જના સંયુક્ત ઉપક્રમે એમ.એસ.એમ.ઈ. ફંડિંગ વિષયે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે વિશે માહિતી આપતા ડબ્લ્યુ.આઈ.આર.સી.ઓફ આઈ.સી.એસ.આઈ.ના ચેરમેન સી.એસ. રાહુલ સહસ્ત્રબુદ્ધેએ જણાવ્યું હતું કે કોરોના મહામારીને કારણે એમ.એસ.એમ.ઈ. સેક્ટરમાં મોટા પાયે નુકસાન થયું છે અને તેની ભરપાઈ કરવા માટે સરકાર દ્વારા અનેક યોજનાઓને અમલમાં મુકવામાં આવી છે. આ સાથે અનેક રાહત ફંડ પણ સરકાર દ્વારા આપવામાં આવ્યા છે. છેલ્લા એક વર્ષ પહેલા ફક્ત

રાહુલ સહસ્ત્રબુદ્ધે

મોટી કંપનીઓ જ તેમના શેર માર્કેટમાં મુકીને ફંડ ભેગું કરી શકતી હતી પણ હવે એમ.એસ.એમ.ઈ. ૧૦૦ કરોડ સુધીનું ફંડ ભેગું કરવા માટે એન.એસ.ઈ.નો સહારો લઈ શકશે છે. એમ.એસ.એમ.ઈ. ક્ષેત્રમાં ભારતની અંદર ગુજરાત નંબર ૧ પર છે. આ નવી સ્કિમના કારણે બિઝનસ ગ્રોથ થશે અને વિઝીબિલીટી વધશે. આ સાથે તેઓ લાજ સ્કેલમાં ધંધો કરીને બે વર્ષમાં મેઈન સ્કેલમાં આવી શકે છે. એન.એસ.ઈ. રજીસ્ટ્રેશન કરવા માટે સરકાર દ્વારા ૫ લાખ સુધીની સહાય આપવામાં આવે છે.

આ સાથે વડોદરા બ્રાન્ચ ઓફ આઈ.સી.એસ.આઈ. ચેરમેન હિમાંશુ પરમારે જણાવ્યું હતું કે કંપની જો ટ્રેડ અંતર્ગત પેમેન્ટ સમયસર કરશે તો તેને ડિસ્કાઉન્ટ મળશે અને ક્રેડિબલીટી વધશે. એમ.એસ.એમ.ઈ.ને કોઈ પણ કંપની દ્વારા ૪૫ દિવસમાં પેમેન્ટ કરવાનું હોય છે અને જો તેમ ના થાય તો તેમની સામે કાયદાકીય પગલાં ભરવામાં આવે છે. સી.એસ. વડોદરાના ૪૦૦થી વધુ સભ્યો માટે આયોજીત વેબિનારમાં ૨૦૦થી વધુ લોકોએ ભાગ લિધો હતો.

ઓપોર્ટ્યૂનિટી છે પણ તેમાં સરકારનો સપોર્ટ જરૂરી

આત્મનિર્ભર ભારત : ભારત સરકાર દ્વારા આત્મનિર્ભર ભારત તથા વોકેલ ફોર લોકલની નીતિ અપનાવા માટે કહેવામા આવ્યું છે જેનાથી સૌથી વધારે લાભ એમ.એસ.એમ.ઇ.ને થશે. ચાઇના પર ડિપેન્ડન્સી ઓછી થશે. અમેરિકા અને યુરોપ જેવા દેશો ભારતમા ઈન્વેસ્ટ કરશે અને ભારતમાથી માલની ખરીદી કરશે. દર વર્ષે એમ.એસ.એમ.ઇ. નુ દેશના ટોટલ એક્સપોર્ટમાં ૪૦% જેટલુ કોન્ટ્રીબ્યુશન હોય છે.

કેશ ઈન્સન્ટિવે તથા ઈન્સન્ટિવે લોન : ભારત સરકાર દ્વારા ઓછા રેટની અને ૧ વર્ષ સુધી ખાલી ઇન્ટરેસ્ટ પે કરી શકાય તેવી સ્ટિમ્યુલેશન ધરાવતુ ૨૦,૦૦૦ કરોડનુ પેકેજ આપવામાં આવ્યુ છે. જેથી તેનો સીધો લાભ એમ.એસ.એમ.ઇ.ને થશે. આ સાથે ફામાં કંપનીને પ્રોડક્ટ પ્રમાણે ઈન્સન્ટિવ આપવાની સરકારે જાહેરાત કરાઇ છે.

CMA દ્વારા MSME સપોર્ટ હેલ્પ સેન્ટર ચાલુ કરાયું

કોસ્ટ એકાઉન્ટન્ટ એમ.એસ.એમ.ઇ.ને હાલના સમયે સૌથી વધારે મદદ કરી શકે છે. કોસ્ટ કંટ્રોલ, પ્રોપર સાધનોનો વપરાશ, પ્રોપર એમ્પલોયીનો ઉપયોગ અને તેનું પ્લાનિંગ કરીને એમ.એસ.એમ.ઇ.ને ઉગારી શકાઈ છે તેમ બરોડા ચેપ્ટર ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટના ચેરમેન સી.એમ.એ. હાર્દિક દીવાનજી અને સેક્રેટરી સી.એમ.એ. મિહિર વ્યાસે જણાવ્યું હતું.

કોવિડના કારણે રેવન્યુ પર થઇ રહેલી અસર

કોવિડની સીધી અસર એમ.એસ.એમ.ઇના રેવન્યુ પર પડી છે. ૫૦% થી ૬૦% ની કમાણી પર અસર થઇ છે. તેના લીધે કેસફલો પર અસર થતા લોકોને પેમેન્ટ આપવા માટે કંપનીઓને પ્રોબ્લેમનો સામનો કરવો પડયો છે.

કોવિડના કારણે રોજગારી પર આ પ્રકારની અસર થઇ

કોવિડની સીધી અસર એમ.એસ.એમ.ઇ.ની રોજગારી પર પડી છે. કેટલાય ઉદ્યોગ દ્વારા હાફ તો કેટલાકે ફુલ પેમેન્ટ કાપ્યું છે. આ સાથે અનેક જગ્યા પરથી લોકોને જોબ ગુમાવી પડી હતી. વેન્ડરના પેમેન્ટ અટકયા, હોટેલ, સીનેમા, ટૂર એન્ડ ટ્રાવેલ, કેટરિંગ જેવા ઉદ્યોગ ક્યારે શરૂ થશે તે હજુ પણ નથી ખબર.

વડોદરા બ્રાન્ચ ઓફ આઈ.સી.એસ.આઈ. દ્વારા પરીક્ષા વિષયને લઈને ઓનલાઈન સેશનનું આયોજન કરાયું

પ્રશ્નપત્ર હાથમાં આવતા જ પહેલા એ જોવું કે કેટલા પ્રશ્નો આવડશે

સંદેશ

કોરોના મહામારીના કારણે અનેક વિદ્યાર્થીઓના ભવિષ્ય જોખમમાં મુકાય છે ત્યારે વડોદરા બ્રાન્ચ ઓફ ડબ્લ્યુ.આઈ.આર.સી. ઓફ આઈ.સી.એસ.આઈ. દ્વારા પરીક્ષા વિષયને લઈને ઓનલાઈન સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ૧૧ વર્ષનો અનુભવ ધરાવતા સી.એસ. દિલ્પેશ પટેલે લોકોને સંબોધતા જણાવ્યું હતું કે કોરોનાને કારણે પરીક્ષાની તારીખો પાછી ઠેલાઈ રહી છે ત્યારે વિદ્યાર્થીઓ ડિપ્રેશનમાં ના જાય તે માટે વાલીઓ અને તમને શિક્ષકોએ મદદ કરવી જોઈએ. વડોદરા બ્રાન્ચ ઓફ આઈ.સી.એસ.આઈ. દ્વારા વિદ્યાર્થીઓએ પરીક્ષા પહેલા ડિપ્રેશનમાંથી બહાર કેવી રીતે આવવું તે માટે લાઈવ સેશનનું આયોજન કર્યું તે સારું છે. બાળકોને પરીક્ષાના સમયે ફેમેલી, લોકોની મહત્વકાંક્ષાનું પ્રેશર, કોમ્પિટિશન અને છેલ્લી મિનીટ સુધી વાંચવાનું પણ પ્રેશર હોય છે.

સી.એસ. દિલ્પેશ પટેલ

વિદ્યાર્થીઓને કેટલા કલાક વાંચ્યું એના કરતાં કેટલું વાંચ્યું તે પૂછવું જોઈએ. કારણ કે દરેકની ગ્રહણ શક્તિ અલગ અલગ હોય છે. જેના કારણે કોઈ ઓછા સમયમાં વધુ તો કોઈ અનેક કલાકો વાંચી લેવા છતાં યાદ નથી રહેતું. આ સાથે લોકો વિદ્યાર્થીઓને પ્રેશર આપતા હોય છે કે આટલા માર્ક લાવીશ તો જ જોબ મળશે નઈ તો કંઈજ નથી થાય અને તેવું કહેવાવાળા પાસે જ છેલ્લા ૫ વર્ષથી જોબ નથી હોતી.

આ સાથે વિદ્યાર્થીઓએ પરીક્ષા ખંડમાં જ્યારે હાથમાં પ્રશ્નોત્તરી આવે એટલે ધ્યાન રાખવું કે સૌથી પહેલા આપણને આવડતા પ્રશ્નો જોઈ લેવા નહિ કે જે નથી આવડતા એ. ત્યારબાદ આવડતા પ્રશ્નોના જવાબ લખીને તેમાં કેટલા માર્ક આવશે તે ફિક્સ કરીને જ બીજા પ્રશ્નોના જવાબ લખવાની તૈયારી કરવી. પેપર શરૂ થાય એની ૩૦ મિનીટ પહેલા કોઈની સાથે વાત ના કરવી અને પેપર પત્યા પાછી તેને સોલ્વ કરવામાં સમય નહીં બગાડતા બીજા પેપરની તૈયારી કરવી જોઈએ. આમ કરવાથી પરિણામ સારું આવશે અને લોકો કરતા પરિક્ષા આપવાનો આનંદ આપવશે. લોકો શું કરે છે તે જોયા વગર હંમેશા આપણે શું કરવાનું છે તે જોવું જોઈએ.

વિદ્યાર્થીઓને સતત મદદ કરાશે

જુલાઈ મહિનામાં ઇન્સ્ટિટ્યૂટ દ્વારા વિદ્યાર્થીઓને ફ્રેક્ટરી વિઝીટ કરાવવામાં આવે છે. કોરોનાને કારણે તે શક્ય નથી થઈ રહ્યું ત્યારે બાળકોને માનસિક શાંતિ મળે અને તેઓ તણાવનો ભોગ ના બને તે માટે વિદ્યાર્થીઓલક્ષી ઓનલાઈન વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓઓ આવનારા સમયમાં પરીક્ષા આપવાના છે તેમની માટે પ્રોબ્લેમ સોલ્વ સેશનનું આયોજન કરવામાં આવે છે. ગમે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય વિદ્યાર્થીઓને સતત મદદ કરવામાં આવશે.

સી.એસ. હિમાંશુ પરમાર

સી.એસ. હિમાંશુ પરમાર, ચેરમેન, વડોદરા બ્રાન્ચ ઓફ ડબ્લ્યુ આઈ આર સી ઓફ આઈ સી એસ આઈ

કોઈપણ પુસ્તકનું વાંચન કરીને પોતાની નોટ્સ બનાવવી

પ્રોફેશનલ કોર્પમાં એક બુકમાં ઓછામાં ઓછા ૫૦૦ પાનાં તો હોય જ છે. સ્વભાવિક છે કે કોઈપણ વિદ્યાર્થીની યાદશક્તિ સ્વામી વિવેકાનંદજી જેવી નથી કે તે ક્યાં પાને શું લખ્યું છે તે કહી શકે. માટે પહેલા અભ્યાસક્રમ વાંચીને કેટલા માર્કના ક્યાં પ્રશ્ન પુછાઇ શકે છે તેનું લિસ્ટ બનાવીને આપણે ૨૫૦ સબ્દની પોતાની નોટ્સ બનાવવાની જોઈએ. જેના કારણે પરીક્ષાના એક દિવસ પહેલા તે નોટ્સ રિવીઝન માટે કામ લાગશે. તેનાથી કોમ્ફીડન્સ વધશે.

વિદ્યાર્થીઓએ આ ધ્યાન રાખવું

- રિસિડ્યુલીંગ
- રીડિંગ
- એનાલિસિસ
- રાઈટિંગ નોટ્સ
- રિવીઝન

૧૮ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન એક્ઝામ યોજાશે

૬૨ વર્ષે જૂનમાં થતી CSની એક્ઝામ ફરી મૂલતવી રખાઇ

એક્ઝામ ૬ થી ૧૬ જુલાઈ વચ્ચે યોજાનાર હતી

| વડોદરા |

વડોદરા શહેર તેમજ રાજ્ય સહીત દેશભરમાં હાલ વર્તાઈ રહેલાં કોરોનાના કહેરને પગલે સ્થિત વધુ વિકટ બની રહી છે. તેના પગલે ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા - ICSI દ્વારા દર વર્ષે પૂર્વ નિર્ધારીત કાર્યક્રમ અનુસાર જૂનમાં યોજાતી સી એસની વિવિધ એક્ઝામ એક વાર મૂલત્વી કર્યા બાદ હવે ફરી મૂલત્વી કરવાની ફરજ પડી છે. નવા કાર્યક્રમ અનુસાર આ એક્ઝામ હવે આગામી તા. ૧૮ થી ૨૮ ઓગષ્ટ દરમિયાન યોજાશે.

ઈન્સ્ટીટયુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ લેવલ ઉપર ફાઉન્ડેશન પ્રોગ્રામ, એક્ઝીક્યુટીવ પ્રોગ્રામ અને પ્રોફેસ્નલ પ્રોગ્રામની એક્ઝામનુ આયોજન કરવામા આવે છે. દર વર્ષે ૧ થી ૧૦ જૂન દરમિયાન અને ડીસેમ્બર મહિનામાં તા. ૨૦ થી ૩૦ દરમિયાન આ એક્ઝામ પૂર્વ નિર્ધારીતપણે યોજાતી જ રહી છે. વર્ષોની પરંપરા અનુસાર તેના નિયત કાર્યક્રમમાં કોઈ ફેરબદલ કરાતો નથી. પૂર્વનિર્ધારીત કાર્યક્રમ અનુસાર આ વર્ષે પણ આ એક્ઝામ તા. ૧ થી ૧૦ જૂન દરમિયાન લેવાનું નિયત કરાયું જ હતુ. પરંતુ સમગ્ર દેશભરમાં કોરાનાના કહેરને પગલે ૧ જૂનથી શરૂ કરાનારી એક્ઝામ મૂલત્વી કરી દેવાની ફરજ પડી હતી. મૂલત્વી કરી દેવાયેલી આ એક્ઝામ તા. ૬ થી ૧૬ જૂલાઈ દરમિયાન આયોજીત કરવાનું નિયત કરાયું હતુ. પરંતુ છેલ્લા કેટલાંક દિવસોથી વડોદરા શહેર અને રાજ્ય સહીત સમગ્ર દેશમાં કોરોનાનો કહેર યથાવત જ રહ્યો છે. એક્ઝામ યોજાય તેવુ સ્વસ્થ વાતાવરણ સર્જાયું નથી. એટલુંજ નહીં આ સંજોગોમાં જો એક્ઝામ લેવામા આવે તો તો જોખમી બની શકે તેમ છે. જેના પગલે ICSIના નેશનલ પ્રેસિડેન્ટ C S આશીષ ગર્ગે તા. ૬ થી ૧૬ જૂલાઈ દરમિયાન નિર્ધારીત કરાયેલી C Sની વિવિધ એક્ઝામ્સ ફરી મૂલત્વી કરવાનો નિર્ણય કર્યો હતો. ફરી વાર મૂલત્વી કરાયેલી આ એક્ઝામ્સ હવે આગામી તા. ૧૮ થી ૨૮ ઓગષ્ટમાં લેવાશે.

06/03/2020.

CITY SPORTS

વડોદરાની ICSI દ્વારા 6 ટીમ વચ્ચે ટૂર્નામેન્ટ યોજાઈ

CSPL સીઝન-2 : 6 ટીમમાંથી ડીડી ડેર ડેવિલ્સની ટીમ વિજેતા

CRICKET

સિટી રિપોર્ટર . વડોદરા

વડોદરા બ્રાન્ચ ઓફ ICSI દ્વારા સીએસપીએલ સીઝન 2નું આયોજન કરાયું હતું. જેમાં વડોદરાની છ ટીમોએ ભાગ લીધો હતો. ટૂર્નામેન્ટ વિશે માહિતી આપતા વડોદરા આઈસીએસઆઈનાં ચેરમેન સીએસ હિમાંશું પરમારે જણાવ્યું હતું કે એમ.એસ.યુનિ.ના પેવેલીયન ખાતે આયોજિત મેચમાં કપની સેક્રેટરી પ્રોફેશનલો ક્રિકેટ રમ્યા હતા. ટૂર્નામેન્ટનાં અંતે 5 વિકેટ અને 24 રન કરનાર દિપ અગ્રવાલને પ્લેયર ઓફ ધ સિરીઝ, 7 વિકેટ લેનાર ધર્માંગ દવેને બેસ્ટ બોલર અને 67 રન મારનાર જૈમીન ગોરાડીયાને બેસ્ટ બેસ્ટમેનનો ખિતાબ અપાયો હતો. 6 ટીમોને હરાવીને ટીમ ડીડી ડેર ડેવીલ્સ ટીમ વિજેતા બની હતી.

Topper among 25 new CSs eyes corporate sector

TIMES NEWS NETWORK

Vadodara: The Institute of Company Secretaries of India (ICSI) declared the results of CS exams on Tuesday with 25 students from the city successfully completing the professional programme. ICSI declared results of CS executive and professional programs, examination of which were held in December last year.

Gunjan Bhagtani, a fourth-year student of BA LLB at M S University's Faculty of Law, topped the list of successful candidates from the city. Gunjan, whose father Parshottam Bhagtani is a UK-based businessman, plans to take up a career in corporate sector.

"After completing Class XII in commerce, my parents wanted me to pursue chartered accountancy but I found accounts difficult. So, I started pursuing CS' professional programme (new syllabus)," said Gunjan, who had bagged All India Rank (AIR) 22 at the foundation-level and city rank second in executive level of CS course.

TOI

(Clockwise from top) Students who cleared CS; Divykumar Surti; Gunjan Bhagtani

"I just wanted to clear the professional programme. Getting a city rank was a pleasant surprise," she said.

Divykumar Surti, whose father Sanjay is a tailor and mother a homemaker, bagged the second rank in the city. Divykumar, who has completed his BCom from MSU's Faculty of Commerce, too, wants to join the corporate sector. He had earlier bagged AIR 24 at the foundation level. His sister Vruti is also pursuing the CS course.

Interestingly, though Divykumar hails from reserved category, he has not availed any of quota benefit while pursuing his graduation studies. Soniya Thakkar, who bagged city rank three, had bagged AIR 20 in foundation level and city rank first in executive level. "I too would be joining the corporate sector," Soniya, a third year student at MSU's Faculty of Commerce and daughter of businessman Dhanraj Thakkar said.

Cityભાસ્કર

વડોદરા, બુધવાર, 26 ફેબ્રુઆરી, 2020 . 02

(7)

ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીનું ડિસે.'19નું પરિણામ જાહેર, શહેરને નવા 25 સીએસ મળ્યા

વિદ્યાર્થીઓનું UPSCની પરીક્ષા પાસ કરવાનું સ્વપ્ન

CS RESULTS

સિટી રિપોર્ટર . વડોદરા

ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઇન્ડિયા દ્વારા ડિસેમ્બર 2019માં લેવામાં આવેલી કંપની સેક્રેટરીની પરીક્ષાનું 25 ફેબ્રુઆરીના રોજ બપોરના 2 કલાકે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જે વિશે માહિતી આપતા ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઇન્ડિયાના બરોડા બ્રાન્ચના ચેરમેન કંપની સેક્રેટરી હિમાંશુ પરમારે જણાવ્યું હતું કે ગત જૂન 2019માં આવેલા રિઝલ્ટમાં શહેરને 20 સી.એસ. મળ્યા હતા, જ્યારે ડિસેમ્બર 2019માં લેવાયેલી પરીક્ષામાં 25 વિદ્યાર્થીઓ પ્રોફેશનલ કોર્સમાં પાસ થઈને સી.એસ. બન્યા છે. જેના કારણે કંપનીઓને નવા સી.એસ. મળી રહેશે.

અભ્યાસ કરવા શહેર છોડ્યું, મિત્રોને બ્લોક કર્યા

4 વર્ષથી માતા-પિતાથી દૂર શહેરમાં નાની સાથે રહું છું

અંજલિ તિવારી

કોર્ષ : એક્ઝિક્યુટિવ (ઓલ્ડ સિલેબસ)
સિટી રેન્ક : 1 | માર્ક : 352/700

માતા-પિતા લખનઉ રહે છે અને હું વડોદરામાં નાનીના ઘરે રહું છું. છેલ્લા 4 વર્ષથી મેં મિત્રોને બ્લોક કર્યા છે અને આગામી એક વર્ષ સુધી તેમને બ્લોક જ રાખીશ. દિવસના 6 કલાક હું અભ્યાસ માટે આપતી હતી અને ફ્રેશ થવા માટે હું ટીવી અને મ્યુઝિકનો આસરો લેતી હતી. પ્રોફેશનલ પ્રોગ્રામમાં ઓલ ઇન્ડિયા રેન્ક મળે તેવો પ્રયત્ન કરીશ.

ફ્રેશ થવા માટે પ્રાણીઓ સાથે સમય વિતાવતી હતી

કોર્ષ : એક્ઝિક્યુટિવ (ન્યુ સિલેબસ)
સિટી રેન્ક : 1 | માર્ક : 456/700

કશિશા પુરોહિત

એસ.વાય. બીકોમ સાથે હું સીએસનો અભ્યાસ કરી રહી છું. જેથી દિવસના 4 કલાક હું અભ્યાસ માટે આપતી હતી. અભ્યાસ કરતી વખતે ફ્રેશ થવા માટે હું પ્રાણીઓ સાથે સમય વિતાવતી અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી હતી. સીએસ બન્યા પછી હું લો અથવા યુ.પી. એસ.સી.નો અભ્યાસ કરીશ.

8 કલાકનો અભ્યાસ CS ફાઇનલ પરીક્ષામાં જરૂરી છે

ગુંજન ભટનાગી

કોર્ષ : પ્રોફેશનલ (ન્યુ સિલેબસ)
સિટી રેન્ક : 1 | માર્ક : 484/700

પિતા યુનાઇટેડ કિંગ્ડમમાં ધંધો કરે છે, પણ તેઓ હંમેશા મારી સાથે જ હોય છે. સીએસ સાથે હું ઇન્ટિગ્રેટેડ બીએ એલ.એલ.બી. કરી રહી છું. આવનારા સમયમાં હું કોર્પોરેટ લોનો અભ્યાસ કરીશ અને આગળ પ્રાઇવેટ પ્રેક્ટિસ કરીશ. ફાઇનલ ક્લીઅર કરવા માટે હું દરેક વિદ્યાર્થીઓને સલાહ આપું છું કે તેઓએ 8 કલાકની મહેનત કરવી જ જોઈએ.

SANDESH

સિટી

VADODARA

WEDNESDAY,

26•02•2020

શહેરના ૨૫ વિદ્યાર્થીઓ C S - કંપની સેક્રેટરી થયા

બી.કોમ પહેલાં જ સોનિયાએ CSની ડિગ્રી મેળવી

ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા - ICSI દ્વારા ડિસે.-૧૯માં એક્ઝામ લેવાઈ હ

વડોદરા: શહેરના ૨૫ વિદ્યાર્થીઓએ આજે C S - કંપની સેક્રેટરીની પદવી મેળવી હતી. શહેરની વિદ્યાર્થીની ગુંજન ભકતાની, દીવ્યકુમાર સુરતી તેમજ સોનિયા ઠક્કર શહેરમાં અનુક્રમે ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ રહ્યાં હતા. ત્રણેય વિદ્યાર્થીઓએ C S નો પ્રોફેશનલ પ્રોગ્રામ ફર્સ્ટ એટેમ્પમાં જ ક્લીયર કરવાની પણ સિધ્ધી મેળવી છે. માંડ ૧૯ વર્ષ અને ૧૦ મહિનાની ઉંમર ધરાવતી સોનિયા ઠક્કર હાલ થર્ડ બી કોમનો અભ્યાસ કરી રહી છે. બી કોમની ડીગ્રી મેળવતાં પહેલાં જ તેણે C S ની ડીગ્રી મેળવી લીધી છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા ગત ડીસેમ્બર મહિનામાં આ એક્ઝામ લેવાઈ હતી.

ઉલ્લેખનિય છે કે, સફળ થયેલાં વિદ્યાર્થીઓ પૈકી મોટા ભાગના વિદ્યાર્થીઓ હાલ રેગ્યુલર ધોરણે C S કરવાની સાથે બી કોમ, એમ કોમ કે એલએલ બીનો અભ્યાસ પણ કરી રહ્યાં છે.

C S થયેલાં આ સફળ વિદ્યાર્થીઓ હવે વ્યવસાય ક્ષેત્રે પદાર્પણ કરશે. આ પૂર્વ આજે બરોડા ચેપ્ટરની ઓફીસ ખાતે તેમના માટે ફેસિલિયેશન સેરેમનીનું આયોજન કરવામા આવ્યું હતુ. I C S I ની વેસ્ટર્ન ઈન્ડિયા રીજનલ કાઉન્સિલ- WIRCના બરોડા ચેપ્ટરના ચેરમેન C S હીમાંશુ પરમાર તેમજ વાઈસ ચેરમેન C S નમીતા શાહ, સેક્રેટરી ગોપાલ શાહ તેમજ ટ્રેઝરર અંકુર સોમાની સહીત અન્યએ સફળ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

બરોડા ચેપ્ટરના પદાધીકારીઓ સાથે સી.એસ. એક્ઝિક્યુટિવ અને પ્રોફેશનલ પ્રોગ્રામ પાસ કરનાર વિદ્યાર્થીઓ ખુશખુશાલ મુદ્રામાં

દિવ્યકુમાર સુરતી શહેરમાં બીજા ક્રમે

દીવ્ય કુમાર સુરતી C S પ્રોફેશનલ પ્રોગ્રામમાં શહેરમાં બીજા ક્રમે રહ્યો હતો. દિવ્યકુમારે પણ પ્રોફેશનલ પ્રોગ્રામના તમામ ત્રણે મોડ્યુલ પહેલાંજ પ્રયત્ને પાસ કરવાની સિધ્ધી મેળવી છે. તેણે એમએસયુમાંથી બી કોમ પણ કર્યું છે. દિવ્યકુમારના પિતા ટેલરીંગના વ્યવસાય સાથે જોડાયેલાં છે. દિવ્યકુમારની બહેન વૃત્તિ સુરતી પણ હાલ C S કરી રહી છે. આગામી મે મહિનામાં C S પુરૂ કરી લેવાનુ તેનુ આયોજન છે. C S પુરૂ કર્યા બાદ હવે તે કોર્પોરેટ ફીલ્ડમાં જોબ કરવાનું વિચારી રહ્યો છે.

C S એક્ઝિક્યૂટિવ પ્રોગ્રામ (ન્યૂ કોર્સ)

વિદ્યાર્થી	સિટી રેંક
કશીસ પુરોહિત	ફર્સ્ટ
પૃથ્વીક સોની	સેકન્ડ
દીપક રણદીવે	થર્ડ

C S એક્ઝિક્યૂટિવ પ્રોગ્રામ (ઓલ્ડ કોર્સ)

વિદ્યાર્થી	સિટી રેંક
અજલી તિવારી	ફર્સ્ટ
હીનલ ઉદેશી	સેકન્ડ
બોબીહજરા સાયરવાલા	થર્ડ

ગુંજન ભકતાની

દિવ્ય સુરતી

સોનિયા ઠક

કોર્પોરેટમાં જવા LLBનું નોલેજ હોવું જરૂરી

ગુંજન ભકતાની C S પ્રોફેશનલ પ્રોગ્રામમાં શહેરમાં મોખરે રહી હતી પ્રોફેશનલ પ્રોગ્રામના ત્રણે મોડ્યુલ એક સાથે જ ક્લીયર કર્યા હતા. ગુંજ પાંચ વર્ષીય લોનો અભ્યાસ કરી રહી છે. C S પુરૂ કર્યા બાદ હવે તે ક ફીલ્ડમાં જોબ કરવાનુ વિચારી રહી છે. C S માટે લોનું નોલેજ ન હોય તે બ ન કહેવાય. C S સાથે લો પણ કરવાથી તે હેલ્પફુલ થઈ રહે છે તેમ તેનુ ક

સોનિયા હાલ બી. કોમ કરી રહી છે । શહેરની સોનિયા ઠક્કર C S પ્રોફેશનલમા શહેરમાં ત્રીજા ક્રમે રહી હતી. તે MSUમાંથી બી કોમ કરી રહી છે. હાલ તે થર્ડ યરમા છે. બી કોમની ડી મેળવતા પહેલાં જ માત્ર ૧૯ વર્ષની વયે જ સોનિયા ઠક્કરે C Sની પદવી મેળવવાની સિધ્ધી હાસલ કરી હવે આગામી દિવસોમા અગ્રણી કોર્પોરેટ કંપનીમાં જોબ કરવાનુ તેનું આયોજન છે.

કંપની સેક્રેટરીની ઈન્ટર અને ફાઈનલ પરીક્ષાનુ પરિણામ જાહેર

વડોદરામાં ૨૫ વિદ્યાર્થીઓને કંપની સેક્રેટરીની ડિગ્રી મળી

વડોદરા,મંગળવાર

ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા ડિસેમ્બર મહિનામાં લેવાયેલી એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ(ઈન્ટર) અને પ્રોફેશનલ પ્રોગ્રામ(ફાઈનલ) પરીક્ષાના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા.

આ પરિણામમાં જોકે વડોદરાના કોઈ વિદ્યાર્થીને રાષ્ટ્રીય સ્તરે સ્થાન મળ્યુ નથી.કુલ ૨૫ વિદ્યાર્થીઓએ કંપની સેક્રેટરીની ડિગ્રી મેળવી હોવાનુ સીએસના વડોદરા ચેપ્ટરના સૂત્રોએ કહ્યુ હતુ.

વડોદરા ચેપ્ટર દ્વારા કરાયેલી જાહેરાત પ્રમાણે ઈન્ટર પરીક્ષાના જુના સિલેબસમાં અંજલિ તિવારીએ તથા નવા સિલેબસની પરીક્ષામાં કશિશ પુરોહિતે શહેરમાં પહેલુ સ્થાન મેળવ્યુ છે.જ્યારે ફાઈનલ પરીક્ષામાં ગૂંજન ભગતાનીએ શહેરમાં પહેલુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.આમ વડોદરામાં સીએસ પરીક્ષામાં વિદ્યાર્થિનીઓનો હાથ ઉપર રહ્યો છે.

ભવિષ્યમાં મારી ફર્મ ચાલુ કરીશ

સી એ સ ફાઈનલ પરીક્ષામાં વડોદરામાં પહેલો ક્રમ મેળવનાર ગૂંજન ભગતાનીએ ૯૦૦માંથી ૪૮૦ માર્કસ મેળવ્યા છે.ગૂંજનના પિતા બિઝનેસ કરે છે.હાલમાં પાંચ વર્ષના ઈન્ટિગ્રેટેડ બીકોમએલબી કોર્સના ચોથા વર્ષમાં અભ્યાસ કરી રહેલા ગૂંજનનુ કહેવુ છે કે, તે રોજ આઠ કલાક વાંચન કરતી હતી.કોર્પોરેટ સેક્ટરમાં કામ કરીને ભવિષ્યમાં પોતાની ફર્મ ખરોલવાની ઈચ્છા છે.

લખનૌથી વડોદરા સીએસના અભ્યાસ માટે આવી

સી એ સ ઈન્ટરના જુના સિલેબસમાં વડોદરામાં ૭૦૦માંથી ૩૫૨ માર્કસ સાથે પહેલો ક્રમ મેળવનાર અંજલિ તિવારી મૂળે લખનૌની છે અને તે સીએસના અભ્યાસ માટે વડોદરામાં દાદા-દાદી સાથે રહે છે.તેણે કહ્યુ હતુ કે, સીએસના અભ્યાસ માટે સોશ્યલ મીડિયાને બાજુ પર મુકી દીધુ છે.મોટાભાગના મિત્રોને બ્લોક કરી દીધા છે.હું દિવસમાં છ થી સાત કલાક પરીક્ષા માટે તૈયારી કરતી હતી.

સોશ્યલ મીડિયાનો સંયમિત ઉપયોગમાં વાંધો નથી

સી એ સ ઈન્ટરના નવા સિલેબસમાં ૮૦૦માંથી ૪૫૬ માર્કસ સાથે વડોદરામાં પહેલો ક્રમ મેળવનાર કશિશ પુરોહિત એસવાયબીકોમમાં અભ્યાસ કરે છે.તેનુ કહેવુ છે કે, નવરાશનો સમય હું મારા પાળેલા ડોગ સાથે પસાર કરતી હતી.સોશ્યલ મીડિયાનો સંયમિત રીતે ઉપયોગ કરીને પણ પરીક્ષાની તૈયારી થઈ શકે છે.ભવિષ્યમાં સીએસની સાથે સાથે લોની ડિગ્રી મેળવવાની પણ ઈચ્છા છે.

આ વખતે વડોદરાનો કોઈ વિદ્યાર્થી રાષ્ટ્રીય સ્તરે સ્થાન મેળવી શક્યો નહીઃ વડોદરાના પરિણામમાં વિદ્યાર્થિનીઓનો હાથ ઉપર

વડોદરાને ૨૫ નવા કંપની સેક્રેટરી મળ્યા

વડોદરા, તા.૨૫

ગત ડિસેમ્બર મહિનામાં લેવાયેલી કંપની સેક્રેટરીની પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષા આપનાર વડોદરાના વિદ્યાર્થીઓ પૈકી ૨૫ વિદ્યાર્થીઓ પાસ થતા શહેરને નવા ૨૫ કંપની સેક્રેટરી મળ્યા છે. જુના અને નવા સિલેબસ પ્રમાણે ડિસેમ્બર ૨૦૧૯માં ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ દ્વારા પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં દેશભરમાંથી સેંકડો વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. વડોદરામાંથી પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પૈકી ૨૫ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા હતા. ગ્રુપ વાઈઝ જોવા જઈએ તો નવા સિલેબસમાં પહેલા ગ્રુપમાં ૧૦, બીજા ગ્રુપમાં ૫ અને ત્રીજા ગ્રુપમાં ૯ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા હતા. જ્યારે જુના સિલેબસમાં ૨૯ વિદ્યાર્થીઓએ પ્રથમ, ૨૫ વિદ્યાર્થીઓએ બીજું અને ૨૨ વિદ્યાર્થીઓ ત્રીજુ મોડ્યુલ પૂરું કર્યું હતું. વડોદરામાંથી ટોપ કરનાર વિદ્યાર્થીઓમાં ગુંજન, દિવ્યકુમાર અને સોનિયા નામના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

શહેરના 5 વિદ્યાર્થી CS ફાઉન્ડેશનમાં દેશના ટોપ 25માં ક્રમે આવ્યા

CS FOUNDATION RESULT

સિટી રિપોર્ટર . વડોદરા

ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડીયા દ્વારા સિએસ ફાઉન્ડેશનની પરિક્ષા 28 અને 29 ડીસેમ્બર 2019ના રોજ દેશભરમાં લેવામાં આવી હતી. જેમાં વડોદરા સેન્ટરના વિદ્યાર્થીઓએ પણ કંપની સેક્રેટરી થવા માટેની આ પરીક્ષા મોટી સંખ્યામાં આપી હતી. જે પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવ્યું છે.

કુલ વિદ્યાર્થીઓમાંથી કુલ 87 વિદ્યાર્થીઓએ આ પરિક્ષા પાસ કરી છે. જે પૈકી રુચી અગ્રવાલ વડોદરામાં પ્રથમ ક્રમાંક અને ભારતમાં બીજા ક્રમાંકે 90 ટકા માર્કસ સાથે ઉતીર્ણ થઇ હતી. જ્યારે અબાસ સાબુવાલે વડોદરામાં બીજો ક્રમાંક અને ભારતમાં આઠમો ક્રમાંકે 87 ટકા માર્કસ સાથે પાસ કર્યો છે. આ ઉપરાંત વિદ્યાર્થિની માસુમ સોનીએ વડોદરામાં ત્રીજો ક્રમાંક અને ભારતમાં 11મો ક્રમાંક 85.50 ટકા માર્કસ સાથે પ્રાપ્ત કર્યો છે. જ્યારે શહેરના વિદ્યાર્થી મસુદાના ખાને વડોદરામાં ચોથો ક્રમાંક અને ભારતમાં 17મા ક્રમાંકની પ્રાપ્તિ 82.50 ટકા માર્કસ સાથે કરી હતી. આ ઉપરાંત શહેરની વિદ્યાર્થિની શિખા શાહ વડોદરામાં પાંચમો ક્રમાંક અને ભારતમાં 23માં ક્રમાંકે 79.50 ટકા માર્કસ સાથે ઉતીર્ણ થઇ હતી. અત્રે ઉલ્લેખનિય છે કે ફાઉન્ડેશનની પરીક્ષા પાસ કરતાં આ વિદ્યાર્થીઓએ હવે તેમના આગળના પડાવ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

CS foundation results: Five city students in Top 25

87 Students Clear ICSI Examination, Girl Bags AIR 2

TIMES NEWS NETWORK

Vadodara: Five students from the city featured in top 25 by bagging All India Ranks (AIRs) in the exams of the company secretaries (CS) foundation programme of the Institute of Company Secretaries of India (ICSI).

The computer-based examination of CS foundation was held in December, results of which were declared on Saturday.

Ruchi Agrawal, who topped the city's list who placed in AIR 2 with 90% marks in CS foundation. A first year student of bachelors of commerce (B Com) from M S University's faculty of commerce, Ruchi is now preparing to clear both her bachelors and two other levels of CS - executive and professional.

"I am planning to pursue MBA in marketing after CS," said Ruchi, who lost her mother Neelam due to kidney failure last year. Daughter of businessman Rakesh Agrawal, Ruchi received support of her father and other members of her joint family in pursuing her studies.

Ruchi Agrawal, Abbas Sabuwala, Masoodrana Khan and Masoom Soni

New office-bearers declared

Vadodara: New office-bearers of the Vadodara chapter of the Institute of Company Secretaries of India (ICSI) for the year 2020 have been declared. Himanshu Parmar has been declared as chairman, Namita Shah as vice chairperson, Gopal Shah as secretary, Ankur Somani, as treasurer while Susheela Maheshwari, D S Mahajani and Satyanarayan Mundra are committee members. TNN

Another first year BCom student, Abbas Sabuwala ranked AIR 8 with 87% marks. Abbas, whose father Aliasgar owns an electric shop while mother Munira is a homemaker, wants to pursue LLB after finishing his CS and BCom studies. "I believe I can be good in pursuing law," said Abbas.

Masoom Soni, who bagged AIR 11 with 85.50% is also a first year BCom student. Daughter of businessman Jayendra and homemaker Pallavi will decide her future choice of career after completing her CS and BCom studies.

Like others Masoodrana Khan too is pursuing his BCom and CS studies. But Masoodrana, who bagged AIR 17 with 82.50% marks, also helps his father Abdul Ajad in catering and food delivery business.

"Once I am financially stable, I also want to pursue chartered accountancy. I have to work hard to ensure a bright future for my family," said Masoodrana, who wants to turn into an entrepreneur.

Shikha Shah, who bagged AIR 23 with 79.50% marks, wants to finish CS and also pursue bachelor in law after completing her BCom studies. "It is all because of hard work and dedication and support of my parents and teachers," said Shikha, whose father Chirag works with an MNC while mother Sejal is a homemaker. A total of 87 students from Vadodara centre cleared their CS foundation program on Saturday.

વડોદરાની ઋચા અગ્રવાલ દેશમાં બીજા ક્રમે

સીએસ ફાઉન્ડેશનની પરીક્ષામાં વડોદરાના પાંચ વિદ્યાર્થીઓ દેશના ટોપ-૨૫માં

વડોદરા,શનિવાર

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરિઝ દ્વારા ડિસેમ્બર મહિનામાં લેવાયેલી સીએસ ફાઉન્ડેશનની પરીક્ષાના આજે જાહેર થયેલા પરિણામમાં વડોદરાના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે ઝળક્યા છે.વડોદરાના પાંચ વિદ્યાર્થીઓએ દેશના ટોપ ૨૫ વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવ્યુ છે.

ઋચાનું માનવું છે કે,વિદ્યાર્થીઓએ મોબાઈલ ફોન અને સોશ્યલ મીડિયાનો મર્યાદિત ઉપયોગ કરવો જોઈએ

આ પૈકી વડોદરાની ઋચા અગ્રવાલે દેશમાં બીજો ક્રમ મેળવ્યો છે.એમ.એસ.યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી ઋચાને આ પરીક્ષામાં ૯૦ ટકા માર્કસ મળ્યા છે.તેણે એક વાતચીતમાં કહ્યું હતુ કે, એકવાયમાં અભ્યાસની સાથે સીએસ ફાઉન્ડેશનની તૈયારી થઈ શકે છે.કારણકે બંનેનો કોર્સ લગભગ સરખો છે.મારે સીએસ કર્યા બાદ એમબીએ કરવુ છે.સોશ્યલ મીડિયા અને મોબાઈલ ફોનના ઉપયોગમાં કશું ખોટુ નથી.જો અભ્યાસને અને ફોનના ઉપયોગ વચ્ચે સંતલુન

સાધવામાં આવે તો વાંધો આવતો નથી.હું પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોનને દુર રાખતી હતી.

સીએસ કર્યા બાદ સીએની ડિગ્રી મેળવવી છે

૮૨.૫૦ ટકા માર્કસ સાથે દશમાં ૧૭મો ક્રમ મેળવનાર મસૂદ રાણા કહે છે કે, મેં તૈયારી પૂરી કરી હતી.ત્રણ વખત આખા કોર્સનુ રિવિઝન કર્યું હતુ.મારા પિતા કેટરિંગનો વ્યવસાય કરે છે.સીએસ કર્યા બાદ સીએની પણ ડિગ્રી મેળવવી છે.

નેશનલ લેવલે રેન્ક આવશે તેવી અપેક્ષા હતી

૮૭ ટકા માર્કસ સાથે દેશમાં આઠમો ક્રમ મેળવનાર અભ્યાસ સાબુવાલાને સીએ બાદ એમબીએની ડિગ્રી મેળવવી છે.તેના પિતા બિઝનેસમેન છે.તેનુ કહેવુ છે કે જે રીતે મહેનત કરી હતી તે જોતા નેશનલ લેવલે સ્થાન મળશે તેવી અપેક્ષા હતી.

પરીક્ષા માટે રોજ ચાર કલાકની તૈયારી

૮૫.૫૦ ટકા માર્કસ સાથે દેશમાં ૧૧મો ક્રમ મેળવનાર માસૂમ સોનીના પરિવારમાંથી પણ કોઈ સીએસ નથી.તેના પિતા ગોલ્ડ પ્લેટિંગનો વ્યવસાય કરે છે અને માતા હાઉસ વાઈફ છે.તે કહે છે કે, સીએસ ફાઉન્ડેશનની તૈયારી માટે રોજ હું ચારેક કલાક ફાળવતી હતી.

કન્સેપ્ટ ક્લીયર હોવો જરુરી છે

૭૯.૫૦ ટકા સાથે દેશમાં ૨૩મો ક્રમ મેળવનાર શિશા શાહે કહ્યું હતુ કે, મા ફ ય ન લ કોસીસની પરીક્ષામાં સફળતા મેળવવા માટે કન્સેપ્ટ ક્લીયર હોવો જરુરી છે.હું સીએસ બાદ એલએલબી કરવા માંગુ